આજે ભગવાન ઈસુ ખ્રિસ્તના જન્મદિને ગાંધીનગરના સેક્ટર-૮ અને સેક્ટર-૨૩ તેમજ સેક્ટર-૨૯માં આવેલ ચર્ચમાં ખ્રિસ્તી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહી સામુહિક પ્રાર્થના કરી કરી હતી તેમજ વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવી રહ્યા છે.

કલોલ પંથકમાં તસ્કરો બેફામ બન્યા...!

કલોલમાં તસ્કરો દોઢ કલાકમાં રૂ. ૧૨.૧૦ લાખની ઘરફોડ કરી ગયા : સબાસપુર ગામમાં મંદિરમાંથી ૭ કિલોની ચાંદીની જોગણીમાતાની મૂર્તિ ચોરી તસ્કરો ફરાર : પોલીસ દોડતી થઈ

ગાંધીનગર, તા.૨૫

કલોલ વિસ્તારમાં તસ્કરો બેફામ બનવા લાગ્યા છે. દરરોજ એકાદ ઘરફોડ તે પંથકમાં થઈ હોવાનું પોલીસ ચોપડે છેલ્લા અઠવાડિયાથી નોંધાય છે ત્યારે કલોલ શહેર વિસ્તારમાં આવેલા પંચવટી ખાતે અલ્કાપુરી સોસાયટીમાં ધોળે દિવસે દોઢ કલાકનો જ તસ્કરોને સમય મળ્યો તે પણ તાળુ તોડીને મકાનમાંથી દાગીના તથા રોકડ મળી રૂ. ૧૨.૧૦ લાખની મત્તા સાફ કરી ગયાનો કિસ્સો બનવા પામ્યો છે. તે ઉપરાંત કલોલ તાલુકાના સબાસપુર ગામમાં જોગણી માતાના મંદિરેથી આખે આખી ચાંદીની મૂર્તિ ચોરી થઈ ગયાની ઘટના પણ બનતા પોલીસ દોડતી થઈ ગઈ છે.

કલોલના પંચવટી વિસ્તારના અલ્કાપુરી સોસાયટીમાં રહેતા અશોકભાઈ પટેલ તેમના પત્નિ સાથે દોઢેક કલાક માટે ગઈ કાલે સવારે ઘરે તાળુ મારીને બહાર ગયા હતા તે દરમિયાન તસ્કરો તેમના ઘરમાં ઘુસ્યા હતાં અને જુની ઘાટના ૧૮ તોલા, ૧૩ તોલા, ૭ તોલા જેટલા અલગ અલગ વજનના સોનાના સેટ તથા દાગીના અને રોકડ મળીને ઘરમાંથી રૂ. ૧૨.૧૦ લાખની મત્તા ચોરી તસ્કરો ફરાર થઈ ગયા હતાં. તે ઉપરાંત કલોલ તાલુકાના સબાસપુર ગામમાં સ્થિત જોગણીમાતાનાં મંદિરમાં ઘુસીને ચાંદીની ૭ કિલોની મૂર્તિ તથા છત્તર મળીને કુલ રૂ. ૩.૨૦ લાખની મત્તા ચોરી ટોળકી ભાગી ગઈ હતી. કલોલ તાલુકા પોલીસે અમરતજી ઠાકોરની ફરીયાદને આધારે મંદિરમાં થયેલી ચોરી અંગે ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

શિયાળાએ પોતાનો મિજાજ બતાવી દીધો છે ત્યારે ઠંડીથી થરથર ધ્રુજતા અને શહેરમાં ફુટપાથ ઉપર જીવન નિર્વાહ કરતા પરિવારોને ધાબળા વિતરણ કરવામાં આવ્યા હતા. કડી સર્વ વિદ્યાલય માં ૧૯૯૪ની સાલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા આ સેવાકીય કાર્ય કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્ય કરતા આચાર્ય પ્રભુદાસ પટેલ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દેશ્યમાન થાય છે.

ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ એજ્યુકેશન અને રીસર્ચ દ્વારા ૫૦મી ગોલ્ડન જયુબીલી મનાવશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ એજયુકેશન અને રીસર્ચ દ્વારા પચાસમી ગોલ્ડન જયુબીલી સેલીબ્રેશન કાર્યક્રમ આજ રોજ બપોરે ૩-૦૦ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ સરસપુર અમદાવાદ ખાતે યોજવામાં આવશે. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે રાજયના આરોગ્ય પ્રધાન નિતિનભાઈ પટેલ ઉપસ્થિત રહેશે તેમજ આર.એમ. પટેલ ધારાસભ્ય અસારવા, ડૉ. મુકુલ શાહ ઉપકુલપતિ ગુજરાત યુનિવર્સિટી ઉપસ્થિત રહેશે.

છાલા ગામે રસોઈ બનાવવા ગયેલી યુવતી ઘરે પરત ન ફરતાં ગુમ થવા અંગે પોલીસ ફરિયાદ

ચિલોડા, તા.૨૫

ગાંધીનગર તાલુકાના છાલા ગામેથી રસોઈ બનાવવા આવેલી દહેગામની ૨૦ વર્ષીય યુવતી એકાએક ઘરે પરત ન ફરતાં ગુમ થવા અંગેની ફરિયાદ ચિલોડા પોલિસ સ્ટેશનમાં નોંધાવા પામી છે.

આ અંગે મળતી માહિતી મુજબ દહેગામ ખાતેની ગુર્જર સિનેમા પાસે રહેતી રેખા વજાજી મારવાડી (ઉ.વ.૨૦) નામની યુવતી તા. ૨૦-૧૨-૨૦૧૩ના રોજ રાત્રે છાલા ગામે રસોઈ બનાવવા માટે ગયેલ હતી ત્યારબાદ મોડી રાત્રે ઘરે પરત ન ફરતાં તેના પરિવારજનોએ શોધખોળ આદરતાં કયાંય પત્તો ન મળતાં ગુમ થનાર રેખા મારવાડીની માતાએ ચિલોડા પોલીસ મથકમાં જાણવા જોગ ગુનો નોંધાવ્યો હતો.

ત્યારબાદ પોલીસે યુવતીને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે. ગુમ થનાર યુવતીએ કાળા કલરનો પંજાબી ડ્રેસ તથા આસમાની કલરનું સ્વેટર પહેરેલ છે. રંગે ઘઉંવર્ણ, મોઢું લંબગોળ, ઉંચાઈ ૪ ફૂટ તથા શરીરે મધ્યમ બાંધો ધરાવે છે. યુવતીના ડાબા હાથના કાંડા પર છૂંદણ કરેલ અંગ્રેજીમાં એસ.એચ. લખેલ છે. ગુમ થનાર યુવતી રંગે કાળો તથા મારવાડી ભાષા જાણે છે. આમ આ બનાવ અંગે વધુ તપાસ પી.એસ.આઈ. પી.જે. પંડયા ચલાવી રહ્યા છે.

પાવડા-ત્રિકમ સાથે વેરો વસૂલવા તંત્રએ કડક ઝૂંબેશ હાથ ધરી

બાકીદારોની યાદી લઈ તંત્રની ટીમ કામે લાગી

ગાંધીનગર, તા.૨૪

પાણી ગટર વેરાની વસુલાત ક્ષેત્રે તંત્રના ચોપડે અડધા કરોડથી વધુ માંગણું બાકી છે. આવા સંજોગોમાં બાકીદારો પાસેથી વેરો વસુલવા તંત્રએ હવે લાલ આંખ કરી છે. વસુલાત ક્ષેત્રે તૈયાર કેરલી બાકીદારોની યાદી અન્વયે તંત્રની ટીમે પાવડા-ત્રિકમ સાથે વેરા વસુલવાની ઝુંબેશ શરુ કરી દીધી છે.

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત અન્વયે પ્રતિ વર્ષ નબળી કામગીરી થતી હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. શહેરના સેકટરો તેમજ સમાવિષ્ટ ગામો સહીત પાણી ગટરના જોડાણ કર્તાઓની સંખ્યા ૩૦ હજાર જેટલી છે. પાણી ગટર વેરો વસુલવા તંત્ર દ્વારા પ્રતિ વર્ષ એડવાન્સ વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવે છે.

આમ છતાં બાકીદારોની સંખ્યા વિશેષ હોવાથી તંત્રના ચોપડે બાકી માંગણાનો આંક અડધા કરોડથી વધુ રકમ વટાવી ગયો છે. વર્ષો જૂના બાકીદારોનું પ્રમાણ પણ નોંધપાત્ર છે. આ મામલે તંત્રના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પણ બાકી વેરો વસુલવા કડક વલણ અપનાવવા અગાઉ તાકીદ કરવામાં આવી હતી. જેના પગલે પાટનગર યોજના ભવનના પાણી વિભાગે વેરાની વસુલાત માટે કડક રાહે ખાસ ઝુંબેશ હાથ ધરી છે. બાકીદારોની યાદી સાથે તંત્રની ટીમે પાવડા ત્રિકમ સાથે વેરો વસુલવાનો અભિગમ અપનાવ્યો છે.

સ્થળ પર જ વેરાની રકમ વસુલી કરવામાં આવી રહી છે. વધુમાં બાકીદારો કક્ષાએથી વેરો ન ચુકવવામાં આવે તો જોડાણ કાપી નાંખવા સુધીના પગલા લેવા પણ તૈયારી દર્શાવાઈ છે. તંત્રની ઝુંબેશના ફળ સ્વરૂપે બાકી વેરો ચુકવવા નાગરિકો સજાગ બન્યા છે.

૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ દ્વારા આજે નાતાલ પર્વ નિમિત્તે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઉજવણી કરાઈ હતી. બાળકોના વોર્ડમાં જઈને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે દાખલ થયેલા બાળકોને રમકડા તથા ચોકલેટો સાન્તાકલોઝ બનીને ભેટ સ્વરૂપે આપી હતી.

ગુજરાત સુથાર સમાજ દ્વારા મોરવાહડપ વિધાનસભા બેઠકના ધારાસભ્ય નિમીષાબેન સુથારને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કાઉન્સિલર ચંદ્રકાન્ત ગજજર, સમાજના પ્રમુખ ઠાકોર મિસ્ત્રી, ઉપપ્રમુખ ડાહ્યાભાઈ મિસ્ત્રી, અરવિંદભાઈ સુથાર, અનિલભાઈ નગેવાડિયા તેમજ પંચોલી, વૈશ્ય અને મેવાડા સુથાર સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

દંડ વસુલી બાદ રેલવે સ્ટેશનની અધુરી કામગીરી અધ્ધરતાલ

ગાંધીનગર, તા.૨૫

કેપીટલ સ્ટેશનના રેલવે ટ્રેક પર દાયકાઓના અંતે ટ્રેઈનો દોડતી થઈ છે. ત્યારે મહત્વની ટ્રેઈનોની અવરજવરના લીધે સ્ટેશન પર મુસાફરોની ચહલ પહલ જોવા મળે છે. આવા સંજોગોમાં સ્ટેશન સંબધિત જરુરી સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું કામ અધુરું છોડી દેવાતા રેલયાત્રિકોમાં પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે. કામગીરી પૂર્ણ ન કરનાર સંબંધિત એજન્સીને અગાઉ રેલવે વિભાગે દંડ ફટકાર્યો હતો પરંતુ અધુરી કામગીરીના મામલે હજુ સ્થિતિ યથાવત છે.

કરોડોના ખર્ચે વિકસાવાયેલા કેપીટલ સ્ટેશન પર દિલ્હી, મુંબઈ, ઈન્દોર સહિતની મહત્વની ટ્રેઈનોનો ધમધમાટ જોવા મળે છે. જેના પરિણામે સ્ટેશન પર રેલયાત્રિકોની અવર જવર પણ વધી છે. પરંતુ સ્ટેશન પર યાત્રિકોની સુવિધાના નામે મીંડુ હોવાથી હાલાકી ભોગવવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. કેપીટલ સ્ટેશન પર પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમ, કોચ ઈન્ડીકેટર તેમજ કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે અગાઉ એજન્સીને કામ સોંપવામાં આવ્યું હતું.

પરંતુ આ એજન્સી દ્વારા કામ અધુરું છોડી દેવાતા મુસાફરોને લાંબા સમય બાદ પણ જરુરી સુવિધા મળી નથી. આ મામલે શહેર વસાહત મહામંડળે આર.ટી.આઈ. મારફતે વિગતો મેળવી જવાબદારી એજન્સી સામે પગલા લેવા પણ રજૂઆત કરી હતી. જેના અનુસંધાને એજન્સી પાસેથી દંડ પણ વસુલવામાં આવ્યો હતો. પરંતુ અધુરી કામગીરી પુરી કરવા કોઈ ગતિવિધિ હાથ ન ધરાતા પાયાની સુવિધાઓના અભાવ વચ્ચે સ્ટેશન વિસ્તાર કંગાળ હાલતમાં છે. કેપીટલ સ્ટેશન પર રેલયાત્રિકોને ધ્યાને લઈ જરુરી કામગીરી હાથ ધરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૬
સૂર્યાસ્ત : ૬.૧૪

તાપમાન

મહત્તમ : ૨૭.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૫૯ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૧૧.૧૦, ૨.૪૦, ૬.૨૫,૯.૫૫
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૨૫, ૮.૧૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૦.૧૦, ૧.૪૦, ૫.૨૫, ૯.૧૦
: સ્ક્રીન-૪ :
ધૂમ-૩ : ૮.૧૦, ૧૧.૪૦, ૩.૧૦, ૬.૫૫, ૧૦.૨૫

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૩૦, ૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૯.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
આર કુમાર : ૧૨.૧૫, ૬.૪૫

ચિરાગ, કલોલગ, કલોલ

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ડાઉન ટોન

- કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'મન મળે ત્યાં મેળો' નાટક રાત્રે ૯.૩૦ કલાકે.

આપની આજ

મેષ : તમારી મહત્વકાંક્ષાઓ તેમજ ઈચ્છાઓ પૂર્ણ થશે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ.

વૃષભ : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધઆની રાખવી. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત ઉભા થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં મન લાગી શકશે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં આપનું મન પરોવાશે.

કર્ક : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂરથી પ્રાપ્ત થઈ શકશે. શુભ કાર્યમાં સામેલ થવાથી યશ અને સન્માન પ્રાપ્ત મળી શકશે.

સિંહ : આર્થિક ઉન્નતિ થશે. મુશ્કેલીઓ દૂર થશે. લાભદાયક સમાચાર મળશે. જ્ઞાન વૃદ્ધિ થવાનો યોગ બનશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાઓમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. ઘણા દિવસથી અટવાયેલા રૂપિયા આપને આજે મળી શકે છે.

કન્યા : કૌટુંબિક ઉન્નતિ થઈ શકશે. કુટુંબીજનો અને મિત્રોના સહયોગથી સમસ્યાનું સમાધાન સંભવ છે. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરો વેપારમાં વૃદ્ધિ થશે.

તુલા : કુટુંબની સાથે મનોરંજનની તક મળશે. માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા. કાર્ય અને વ્યવસાયનાં ક્ષેત્રમાં વિભિન્ન અડચણોથી મન અશાંત રહેશે. ભોગ વૃત્તિને કારણે અધિક પ્રતિષ્ઠા મેળવી શકશો નહિ.

વૃશ્ચિક : સંતાનની પ્રગતિના સમાચારથી મન પ્રસન્ન રહેશે. મંગળ કાર્યોમાં ખર્ચ થવાની સંભાવના રહેલી છે. જીવનસાથીના આરોગ્યનું ધ્યાન રાખવું. ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રાનો યોગ.

ધન : શોધપૂર્ણ કાર્યોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. નોકરી-ધંધામાં મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે. પોતાના ક્રોધ પર કાબુ રાખવો. તમે આધ્યાત્મ તરફ પ્રેરાશો.

મકર : શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. રાજકીય કાર્યોથી દુર રહેવું. આકસ્મિક ખર્ચ થઈ શકે છે. શુભ ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે. વિરોધાભાસ અને વિવાદને કારણે પરિણામ ત્વરીત પ્રાપ્ત ન પણ મળી શકે.

કુંભ : આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થશે. સ્થાયી સંપત્તિ મળવાનો યોગ બની રહ્યો છે. ગ્રાહકોથી મધુર સંબંધો જળવાઈ રહેશે.તમારી વ્યવહાર કુશળતાથી વેપાર-વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

મીન : દૈનિક વ્યાપાર, કૌટુંબિક માંગલિક કાર્યો, ધાર્મિક વગેરે જેવા કાર્યો થશે. કાર્યોમાં ઉન્નતિ થશે. સ્ફૂર્તિ અને જોશમાં વધારો જણાય.કોઈ વ્યક્તિગત સમસ્યા રહી શકે છે.

ચિરવિદાય

- સ્વ. ઉમિયાશંકર મનસુખભાઈ શ્રીમાળી (ઉ.વ. ૫૪) બ્લોક નં. ૫૬૪, ઈન્દિરાનગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ.રઘુજી સેંધાજી બિહોલા (ઉ.વ. ૭૫) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રેમીલાબેન દિવાનજી ઝાલા (ઉ.વ. ૬૫) પ્લોટ નં. ૩૫૦, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. મોનીકુમાર બાપુભાઈ દેસાઈ (ઉ.વ. ૮૭) પ્લોટ નં. ૫૬૧/૨, તેજસ સોસાયટી, સેકટર-૨૩, ગાંધીનગર.
- સ્વ. જશીબેન લક્ષ્મણજી ઠાકોર (ઉ.વ. ૭૦) મુ.પો. પ્રતાપનગર, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. મહેન્દ્રકુમાર ચીમનલાલ પારેખ (ઉ.વ. ૪૨) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.